રજુ તારીખ	૨૯–૦૯–૨૦૨૫
દાખલ તારીખ	૨૯–૦૯–૨૦૨૫
ફેસલ તારીખ	૦૭–૦૫–૨૦૨૬
સમયગાળો	વર્ષ–માસ– દિવસ–
	૦૦ – ૦૭ – ૦૮

કપડવંજના મહે.પ્રીન્સીપાલ સીનીયર સીવીલ જજ સાહેબની કોર્ટમાં, મુ. કપડવંજ
રે.દિ.મુ.નં.૧૧૮/૨૦૨૫
આંકઃ

વાદી– બેંક ઓફ બરોડા ચીખલોડના બ્રાન્ચ મેનેજરશ્રી
શાહ મીત્તલ કનૈયાલાલ, ઉ.વ.પુખ્ત,ધંધો.નોકરી,
બેંક ઓફ બરોડા, ચીખલોડ શાખા,તા.કપડવંજ, જિ.ખેડા

વિરુધ્ધ

પ્રતિવાદી– રમેશભાઈ ભેમાભાઈ વાઘેલા,ઉ.વ.પુખ્ત,ધંધો.ખેતી,
રહે.મુ.વડોલ, તા.કપડવંજ,જિ.ખેડા

વાદી તરફે વિ.વ. શ્રી.બી.બી.ભટ્ટ
પ્રતિવાદીઓ તરફે– કોઈ નથી

દાવોઃ રુપીયા ૩,૬૪,૮૧૩/– ના આંકથી

–:: ઠ રા વ ::–

૧. વાદીના દાવાની ટુંકમાં હકીકત એવી છે કે, વાદી બેંક ઓફ બરોડા રાષ્ટીયકૃત બેંક છે. સદર બેંકની હેડ ઓફીસ અમદાવાદ મુકામે આવેલી છે અને વિભાગીય કચેરી નડીઆદમાં છે જેની એક શાખા ખેડા જીલ્લાના કપડવંજ તાલુકાના ચીખલોડ મુકામે આવેલી છે. વાદી બેંક રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ધારા ધોરણ મુજબ તથા બેંકની ગાઈડ લાઈન મુજબ બેકીંગ તથા ધીરાણને લગતી કામગીરી કરે છે.

આ કામના પ્રતિવાદી વાદી બેંકના ખાતેદાર છે અને પ્રતિવાદી ઉપર જણાવેલ સરનામે રહે છે તેમજ ખેતી તથા ઘરકામ કરી ગુજરાન ચલાવે છે.

આ કામના પ્રતિવાદીએ પશુપાલન માટે નાણાંની જરુરીયાત હોવાથી ડેરી લોન લેવા માટે વાદી બેંકમાં અરજી કરતા બેંકે પ્રતિવાદીને પશુપાલન લોન રૂ. ૩,૦૦,૦૦૦/– (અંકે ત્રણ લાખ પુરા) તા.: ૨૨/૦૭/૨૦૧૫ ના રોજ વાદી બેંકે લોન સેન્કશન કરી આપેલ છે અને આ કામના પ્રતિવાદીનો પશુપાલન લોન ખાતા ન.:૧૮૯૫૦૬૦૦૦૦૦૭૭૮ તે લોન બદલ પ્રતિવાદીએ વાદી બેકને એગ્રીમેન્ટ લેટર, તેમજ ડીપી નોટ, ઈકરારનામા, ગેરંટી લેટર તેમજ બીજા જરૂરી દસ્તાવેજો વાદી બેંકની તરફેણમાં લખી આપીને લોન મેળવેલ છે.

આ કામના પ્રતિવાદીએ મેળવેલ લોન ધિરાણની રકમ ધિરાણની શરતો મુજબ નિયમીત રીતે વસુલ જમા કરાવી લોન ખાતુ નીયમીત રાખવાનુ હતુ. સદર લોન ધિરાણ મેળવ્યા બાદ આ કામના પ્રતિવાદીએ લોન ખાતાનો હીસાબ કરીને વાદી બેંકને નિયમ પ્રમાણે જરૂરી દાવા, કબુલાતના લખાણો, આ કામના પ્રતિવાદી કરી આપીને વાદી બેંકની લહેણી રકમ જમા કરાવેલ નથી.

આમ, આ કામના પ્રતિવાદી વાદી બેંક પાસેથી પશુપાલન લોન રુ.૩,૦૦,૦૦૦/– તા.૨૨.૦૭.૧૫ નારોજ સેન્કશન કરેલી અને નિયમ મુજબ આપેલછે. આ કામના પ્રતિવાદીનો લોન ખાતા નં.: ૧૮૯૫૦૬૦૦૦૦૦૭૭૮ છે અને આ કામના પ્રતિવાદીનુ ડેરી લોન ખાતુ જરૂરી લેણી રકમ નિયમીત ના જમા કરાવતા એન.પી.એ. થયેલ છે. જેથી તા. ૨૪/૧૦/૨૦૨૪ ના રોજ સુધીનો હિસાબ કરતા રૂ. ૩,૬૪,૫૧૩/– (અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) ની રકમ બાકી નીકળે છે. તેમજ ન ચઢાવેલ વ્યાજ તથા અન્ય વધારાના ચાર્જીસ સાથે સદર રકમની પ્રતિવાદી પાસે વાદી બેંકે વારંવાર માગણી તેમજ ઉઘરાણી કરવા છતા પ્રતિવાદી ખોટા ખોટા વાયદા કરી અને ઉધ્ધત જવાબ આપેલ છે. તેમજ પ્રતિવાદીએ વાદી બેંક સાથે સાપરાધ વિશ્વાસઘાત અને ઠગાઈ યાને છેતરપીંડી કરેલ છે. અને બેંકની બાકી નીકળતી રકમો વસુલ આપવામાં પ્રતિવાદી બેદરકાર અને નિષ્ફળ રહેલ છે.

આમ, આ કામના પ્રતિવાદીએ મેળવેલ ઉપરોકત રકમ નિયમ હપ્તા અનુસાર ચઢાચઢી વાદી બેંકને પરત ભરપાઈ કરવા કરાવવા પ્રતિવાદી ઘણા જ અનિયમીત રહયા હોવાથી પ્રતિવાદીની કસુરના કારણે પ્રતિવાદી પાસેથી વાદી બેંકે અવાર નવાર ઉઘરાણી કરી કરાવી હોવા છતા પ્રતિવાદી એક યા બીજા બહાના કાઢી વાદી બેંકની બાકી નીકળતી લેણી રકમ વસુલ આપવામાં ગંભીર બેદરકારી અને કસુર

કરી કરાવી છે તદનુસાર વાદી બેંકના છેલ્લા હીસાબ અનુસાર પ્રતિવાદી ખાતે વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ રૂ.૩,૬૪,૫૧૩/- (ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) આજદિન સુધીના વ્યાજ તથા મુળી સહીત તથા બેકના ધારાધોરણ મુજબ પશુપાલન ૧૦.૦૦ % ના વ્યાજ સહીત ચુકતે વસુલ આપવામાં પ્રતિવાદીએ ગંભીર કસુર અને ઢીલ કરી કરાવી હોવાથી ઉપરોકત કરજદારો કાયદેસર રીતે જવાબદાર હોવાથી ચડાચઢી વ્યાજ તથા મુડી સહીત ચુકતે વસુલ આપવામાં પ્રતિવાદીએ ગંભીર કસુર અને ઢીલ કરી કરાવી હોવાથી પ્રતિવાદી કાયદેસર જવાબદાર થતા હોવાથી પ્રતિવાદીને વાદી બેંકે વકીલશ્રી મારફતે તા.૨૪/૧૦/૨૦૨૪ નારોજ નોટીસ આપેલ અને તે નોટીસ બજી ગઈ હોવા છતા નોટીસ આપ્યાનો સમયગાળો પુરો થવા છતા આ કામના પ્રતિવાદીએ વાદી બેંકને ઉપરોકત બાકી લેણી રકમ આપી નથી.

આમ, આ કામના પ્રતિવાદીએ વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ રૂ. ૩,૬૪,૫૧૩/- (અક રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) જમા ના કરાવતા વાદી બેન્કે તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ જિલ્લા કાનુની સેવા રાત્તા મંડળ મિડીએશન સેન્ટર સમક્ષ મુ. નડીયાદ, તા. નડીયાદ, જી. ખેડાની કોર્ટમાં પ્રી-લિટીગેશન મિડીએશન કેસ નં. ૧૪૪/૨૦૨૫ થી કેસ દાખલ કરેલ પરંતુ આ કામના પ્રતિવાદી હાજર રહી વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ ૩,૬૪,૫૧૩/- (અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) વસુલ આપેલ નહી જેથી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ મિડએશન સેન્ટર સમક્ષ મુ. નડીયાદ, તા. નડીયાદ, જી. ખેડાની કોર્ટે (Non-Starter Report) આપેલ છે. આમ, આ કામના પ્રતિવાદીઓએ વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ રુ.૩,૬૪,૫૧૩/- (અક રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) જમા ના કરાવતા વાદી બેન્કને ન્યાયના હિતમાં સબબ દાવો કરવાની તાકીદે જરૂર પડી છે.

ઉપરોકત સંજોગોમાં પ્રતિવાદીના ખાતે બાકી નીકળતી કુલ લેણી રકમ રૂ. રુ.૩,૬૪,૫૧૩/- (અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા)તથા ન ચઢાવેલ વ્યાજ સહિત ચઢાચઢી રીઝર્વ બેંકના ધારાધોરણ મુજબ પશુપાલન લોન ૧૦.૦૦ % ના વ્યાજ સહીત કરજદારો તેમજ અલગ અલગ રીતે પ્રતિવાદી પાસેથી તથા તેમના વાલી વારસો પાસેથી તેમણી જાતથી તથા પ્રતિવાદીની હરેક

પ્રકારની મીલકતોમાંથી વાદી બેંકને વસુલ લેવા મેળવવા માટે કાયદેસર રીતે હકકદાર હોવાથી સદરહુ દાવો સમયમર્યાદામા દાખલ કરેલ છે.

હાલના કામે વાદીએ પોતાની દાવાઅરજીની વિગતે દાવાનું કારણ જણાવેલ છે તે ધ્યાને લીધેલ છે.

અંતે વાદીએ પોતાના દાવા સબબ દાદ માગેલ છે કે,. **(એ)** વાદી બેન્કની રુ.૩,૬૪,૫૧૩/- (અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) દાવાની તારીખથી વસુલ થાય ત્યા સુધી રીઝર્વ બેન્કના ધારાધોરણ ચઢાચઢી પશુપાલન લોન ધિરાણ ૧૦.૦૦ % ના વ્યાજ સહીત પ્રતિવાદી તથા તેમના વાલી વારસો એજન્ટો તેમજ એસાઈનીયોની જાતથી તથા હરેક પ્રકારની મિલકતોથી, સંયુકત તેમજ અલગ અલગ રીતે, વાદી બેન્ક વસુલ કરી લઈએ તેવુ વાદી બેન્કની તરફેણમા તથા પ્રતિવાદીની વિરૂધ્ધમાં યોગ્ય હુકમનામું કરી આપવા નમ્ર વિનતી છે.(બી) સદરહુ દાવાનુ તમામ ખર્ચ તથા વળતર આ કામના પ્રતિવાદીઓની જાત તથા હરેક પ્રકારની મીલકતોથી વાદી બેન્કને વસુલ અપાવવા માટે ન્યાયના હિતમાં યોગ્ય હુકમ કરી આપવા આથી નમ્ર અરજ છે.

૨. વાદીની દાવાઅરજી રજુ થતાં પ્રતિવાદીને નોટીસ કાઢવામા આવતા પ્રતિવાદીને દાવાના સમન્સ/નોટીસ આંક-૦૬ થી બજેલ હોય, તેમ છતાં પ્રતિવાદી તરફે કોઈ હાજર નથી કે કોઈ રીપોર્ટ રજુ નથી. આથી સદર કામ પ્રતિવાદી સામે એકતરફી ચલાવવાનો અત્રેની કોર્ટથી તા.૧૧.૦૨.૨૬ નારોજ હુકમ કરવામાં આવેલ છે.

૩. વાદી તરફે નીચે મુજબનો મૌખિક તથા દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે.

:: મૌખિક પુરાવા ::

અ.નં.	સાક્ષીનુ નામ	આંક
૧	વાદી શાહ મીત્તલ કનૈયાલા (બેંક ઓફ બરોડા, ચીખલોડ) નું સરતપાસનું સોગંદનામું	૧૦

:: દસ્તાવેજી પુરાવા ::

અ.નં.	દસ્તાવેજનું વર્ણન	આંક
૧	આ કામના પ્રા.વાદીઓએ વાદી બેન્કમાં લોન લેવા માટે	૧૨

	કરેલ અરજીપત્ર અસલ.	
૨	એલ.ડી.ઓ.સી. ૨ ડી.પી.નોટ અસલ	૧૩
૩	એલ.ડી.ઓ.સી. ૧ એટેસ્ટેશન મેમો અસલ	૧૪
૪	પ્રતિવાદીએ બેંક લખી આપેલ નિવેદન અસલ	૧૫
૫	વાદી બેંકે પ્રતિવાદીનું લોન મંજુર કર્યાનું મંજુરીપત્ર અસલ	૧૬
૬	પ્રતિવાદીએ વાદી બેન્કે લખી આપેલ ફોર્મ નં.૧૩૫ અસલ	૧૭
૭	એકરારનામું	૧૮
૮	એલ.ડી.ઓ.સી. ૨૮ એ હાઈપોથીકેશન કરાર અસલ	૧૯
૯	એલ.ડી.ઓ.સી. ૭૨ અસલ	૨૦
૧૦	એલ.ડી.ઓ.સી. ૫૭ લેટર ઓફ ઈનસ્ટોલમેન્ટ અસલ	૨૧
૧૧	પ્રતિવાદીએ વાદી બેંકને લખી આપેલ લેટર ઓફ એકલોઝમેન્ટ ઓફ ડેબ્ટ અસલ	૨૨
૧૨	પ્રતિવાદીને વકીલશ્રી મારફતે આપેલ નોટીસની ઓફીસ કોપી.	૨૩
૧૩	પ્રતિવાદીને નોટીસ મોકલ્યા બદલ પોષ્ટખાતાની રસીદ	૨૪
૧૪	પ્રતિવાદીનાલોન ખાતાના સ્ટેટમેન્ટની સહીસીકકાવાળી નકલ	૨૫
૧૫	જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ મિડીએશન સેન્ટર સમક્ષ મુ. નડીયાદ, તા. નડીયાદ, જી. ખેડાની કોર્ટે મીડીએશન કેસ નં.: ૧૪૪/૨૦૨૫ ની (Non-Starter Report) આપેલ તેની કોપી	૨૬

૪. સદરહું કામે વાદી તરફે આંક–૨૭ થી કલોઝીંગ પુરસીસ રજુ કરવામાં આવેલ છે.

પ્રતિવાદી તરફે કોઈ હાજર રહી પોતાનો બચાવ લેવામાં નિષ્ફળ રહેલ હોય સદર કામ પ્રતિવાદી સામે એકતરફથી ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે.

૫. સદર કામે વાદી તરફે વિ.વ. શ્રી. ધ્વારા કરવામાં આવેલ વિસ્તૃત દલીલો સાંભળવામાં આવેલ છે. જયારે આ કામે પ્રતિવાદી તરફે કામ એકતરફી ચલાવવાનો હુકમ થયેલ છે.

૬. ઉપરોકત હકીકતોએ દાવાના નિર્ણય અર્થે અત્રેની કોર્ટથી આંક–૦૭ થી નીચે મુજબના મુદા ઉપસ્થિત કરવામાં આવેલ છે.

૧. શું વાદી દાવાઅરજીની હકીકતો પુરવાર કરે છે?
૨. શું વાદી દાવાઅરજીમાં માગ્યા મુજબની દાદ મેળવવા હકકદાર છે ?
૩. શું હુકમ અને હુકમનામું ?

૭. ઉપરોકત મુદાઓ પરત્વેના મારા નિર્ણયો નીચે મુજબ છે.

૧. હકારમાં,
૨. અંશતઃ હકારમાં,
૩. આખરી હુકમ મુજબ

–:: કા ર ણો ::–

૮. **મુદા નં.૧ થી ૨–**

ઉપરોકત મુદા નં.૧ થી ૨ કાયદા અને હકીકતની દ્રષ્ટ્રિએ પરસ્પર એકબીજા સાથે સંકળાયેલ હોય વારંવારનું પુનરાવર્તન ટાળવા અને સરળતા હેતુસર મુદા નં.૧ થી ૨ ની ચર્ચા એકસાથે કરવામાં આવેલ છે.

હાલના કામે પક્ષકારો તરફે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતા વાદી બેંક સાહેદ શાહ મીત્તલ કનૈયાલાલએ આંક–૧૦ નું સોગંદનામું રજુ કરી સદર વાદી સંસ્થામાં ફરજ બજાવે છે અને તેઓની જુબાનીમાં દાવાઅરજીમાં જણાવેલ હકીકતોનું પુનરાવર્તન કરી દાવાઅરજીમાં માગેલ દાદ અપાવવા વિનંતી કરેલ છે. જયારે વાદીએ દાવાની હકીકતોને સોગંદ પર દોહરાવેલ છે તેનો સારાંશ જોતાં જણાવેલ છે કે, વાદી બેંક ઓફ બરોડા, રાષ્ટીયકૃત બેંક છે. સદર બેંકની હેડ ઓફીસ અમદાવાદ મુકામે આવેલી છે જેની એક શાખા ખેડા જીલ્લાના કપડવંજ તાલુકાના ચીખલોડ મુકામે આવેલી છે. વાદી બેંક રીઝર્વ બેંક ઓફ ઈન્ડીયાના ધારા ધોરણ મુજબ તથા બેંકની ગાઈડ લાઈન મુજબ બેકીંગ તથા ધીરાણને લગતી કામગીરી કરે છે.પ્રતિવાદી વાદી બેંકના ખાતેદાર છે.પ્રતિવાદીએ પશુપાલન માટે નાણાંની જરુરીયાત હોવાથી ડેરી લોન લેવા માટે વાદી બેંકમાં અરજી કરતા બેંકે પ્રતિવાદીને પશુપાલન લોન રૂ. ૩,૦૦,૦૦૦/– (અંકે ત્રણ લાખ પુરા) તા.: ૨૨/૦૭/૨૦૧૫ ના રોજ વાદી બેંકે લોન સેન્કશન કરી આપેલ અને

પ્રતિવાદીનો પશુપાલન લોન ખાતા ન.:૧૮૯૫૦૬૦૦૦૦૦૭૭૮ તે લોન બદલ પ્રતિવાદીએ વાદી બેકને એગ્રીમેન્ટ લેટર, તેમજ ડીપી નોટ, ઈકરારનામા, ગેરંટી લેટર તેમજ બીજા જરૂરી દસ્તાવેજો વાદી બેંકની તરફેણમાં લખી આપીને લોન મેળવેલ છે અને પ્રતિવાદીએ મેળવેલ લોન ધિરાણની રકમ ધિરાણની શરતો મુજબ નિયમીત રીતે વસુલ જમા કરાવી લોન ખાતુ નીયમીત રાખવાનુ હતુ પરંતુ સદર લોન ધિરાણ મેળવ્યા બાદ આ કામના પ્રતિવાદીએ લોન ખાતાનો હીસાબ કરીને વાદી બેંકને નિયમ પ્રમાણે જરૂરી દાવા, કબુલાતના લખાણો, આ કામના પ્રતિવાદી કરી આપીને વાદી બેંકની લહેણી રકમ જમા કરાવેલ નથી.

આમ, આ કામના પ્રતિવાદીને વાદી બેંક પાસેથી પશુપાલન લોન રુ.૩,૦૦,૦૦૦/- તા.૨૨.૦૭.૧૫ નારોજ સેન્કશન કરી નિયમ મુજબ આપેલ અને લોન ખાતા નં.: ૧૮૯૫૦૬૦૦૦૦૦૭૭૮ છે અને આ કામના પ્રતિવાદીનુ ડેરી લોન ખાતુ જરૂરી લેણી રકમ નિયમીત ના જમા કરાવતા એન.પી.એ. થયેલ છે. જેથી તા. ૨૪/૧૦/૨૦૨૪ ના રોજ સુધીનો હિસાબ કરતા રૂ. ૩,૬૪,૫૧૩/- (અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) ની રકમ બાકી નીકળે છે. તેમજ ન ચઢાવેલ વ્યાજ તથા અન્ય વધારાના ચાર્જીસ સાથે સદર રકમની પ્રતિવાદી પાસે વાદી બેંકે વારંવાર માગણી તેમજ ઉઘરાણી કરવા છતા પ્રતિવાદી ખોટા ખોટા વાયદા કરી અને ઉધ્ધત જવાબ આપેલ છે. તેમજ પ્રતિવાદીએ વાદી બેંક સાથે સાપરાધ વિશ્વાસઘાત અને ઠગાઈ યાને છેતરપીંડી કરેલ છે. અને બેંકની બાકી નીકળતી રકમો વસુલ આપવામાં પ્રતિવાદી બેદરકાર અને નિષ્ફળ રહેલ છે.

આમ, આ કામના પ્રતિવાદીએ મેળવેલ ઉપરોકત રકમ નિયમ હપ્તા અનુસાર ચઢાચઢી વાદી બેંકને પરત ભરપાઈ કરવા કરાવવા પ્રતિવાદીઓ ઘણાજ અનિયમીત રહયા હોવાથી પ્રતિવાદીની કસુરના કારણે પ્રતિવાદી પાસેથી વાદી બેંકે અવાર નવાર ઉઘરાણી કરી કરાવી હોવા છતાં પ્રતિવાદી એક યા બીજા બહાના કાઢી વાદી બેંકની બાકી નીકળતી લેણી રકમ વસુલ આપવામાં ગંભીર બેદરકારી અને કસુર કરી કરાવી છે તદનુસાર વાદી બેંકના છેલ્લા હીસાબ અનુસાર પ્રતિવાદી ખાતે વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ રૂ.૩,૬૪,૫૧૩/- (ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) આજદિન સુધીના વ્યાજ તથા મુળી સહીત તથા બેકના ધારાધોરણ મુજબ પશુપાલન ૧૦.૦૦ % ના વ્યાજ સહીત ચુકતે વસુલ આપવામાં પ્રતિવાદીએ ગંભીર કસુર અને ઢીલ કરી કરાવી હોવાથી ઉપરોકત કરજદારો

કાયદેસર રીતે જવાબદાર હોવાથી ચડાચઢી વ્યાજ તથા મુડી સહીત ચુકતે વસુલ આપવામાં પ્રતિવાદીએ ગંભીર કસુર અને ઢીલ કરી કરાવી હોવાથી પ્રતિવાદી કાયદેસર જવાબદાર થતા હોવાથી પ્રતિવાદીને વાદી બેંકે વકીલશ્રી મારફતે તા.૨૪/૧૦/૨૦૨૪ નારોજ નોટીસ આપેલ અને તે નોટીસ બજી ગઈ હોવા છતા નોટીસ આપ્યાનો સમયગાળો પુરો થવા છતા આ કામના પ્રતિવાદીએ વાદી બેંકને ઉપરોકત બાકી લેણી રકમ આપી નથી.

આમ, આ કામના પ્રતિવાદીએ વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ રૂ. ૩,૬૪,૫૧૩/– (અક રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) જમા ના કરાવતા વાદી બેન્કે તા. ૧૨/૦૨/૨૦૨૫ ના રોજ જિલ્લા કાનુની સેવા રાત્તા મંડળ મિડીએશન સેન્ટર સમક્ષ મુ. નડીયાદ, તા. નડીયાદ, જી. ખેડાની કોર્ટમાં પ્રી–લિટીગેશન મિડીએશન કેસ નં. ૧૪૪/૨૦૨૫ થી કેસ દાખલ કરેલ પરંતુ આ કામના પ્રતિવાદી હાજર રહી વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ ૩,૬૪,૫૧૩/– (અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) વસુલ આપેલ નહી જેથી જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ મિડએશન સેન્ટર સમક્ષ મુ. નડીયાદ, તા. નડીયાદ, જી. ખેડાની કોર્ટે (Non–Starter Report) આપેલ છે. આમ, આ કામના પ્રતિવાદીઓએ વાદી બેંકની નીકળતી કુલ લેણી રકમ રુ.૩,૬૪,૫૧૩/– (અક રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા) જમા ના કરાવતા વાદી બેન્કને ન્યાયના હિતમાં સબબ દાવો કરવાની તાકીદે જરૂર પડી છે.

ઉપરોકત સંજોગોમાં પ્રતિવાદીના ખાતે બાકી નીકળતી કુલ લેણી રકમ રૂ. રુ.૩,૬૪,૫૧૩/– (અંકે રૂપિયા ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર પુરા)તથા ન ચઢાવેલ વ્યાજ સહિત ચઢાચઢી રીઝર્વ બેંકના ધારાધોરણ મુજબ પશુપાલન લોન ૧૦.૦૦ % ના વ્યાજ સહીત કરજદારો તેમજ અલગ અલગ રીતે પ્રતિવાદી પાસેથી તથા તેમના વાલી વારસો પાસેથી તેમણી જાતથી તથા પ્રતિવાદીની હરેક પ્રકારની મીલકતોમાંથી વાદી બેંકને વસુલ લેવા મેળવવા માટે કાયદેસર રીતે હકકદાર હોવાથી સદરહુ દાવો સમયમર્યાદામા દાખલ કરેલ છે.

જયારે વાદીના પુરાવો જે સોગંદ પર રજુ છે તે ધ્યાને લેવામાં આવેલ છે તે બાદ તેઓએ પુરાવાના સોગંદનામામાં જે દસ્તાવેજો જણાવેલ છે તેમાં આ કામના પ્રતિવાદીઓએ વાદી બેન્કમાં લોન લેવા માટે કરેલ અરજીપત્ર અસલ આંક-૧૨ થી,

એલ.ડી.ઓ.સી. ૨ ડી.પી.નોટ અસલ આંક-૧૩ થી, એલ.ડી.ઓ.સી. ૧ એટેસ્ટેશન મેમો અસલ આંક-૧૪ થી, પ્રતિવાદીએ બેંક લખી આપેલ નિવેદન અસલ આંક–૧૫ થી,વાદી બેંકે પ્રતિવાદીનું લોન મંજુર કર્યાનું મંજુરીપત્ર અસલ આંક-૧૬થી, પ્રતિવાદીએ વાદી બેન્કે લખી આપેલ ફોર્મ નં.૧૩૫ અસલ, આંક-૧૭ થી, એકરારનામું આંક–૧૮ થી, એલ.ડી.ઓ.સી. ૨૮ એ હાઈપોથીકેશન કરાર અસલ આંક-૧૯ થી, એલ.ડી.ઓ.સી. ૭૨ અસલ આંક-૨૦ થી, એલ.ડી.ઓ.સી. ૫૭ લેટર ઓફ ઈનસ્ટોલમેન્ટ અસલ આંક-૨૧ થી, પ્રતિવાદીએ વાદી બેંકને લખી આપેલ લેટર ઓફ એકલોઝમેન્ટ ઓફ ડેબ્ટ અસલ આંક–૨૨ થી,પ્રતિવાદીને વકીલશ્રી મારફતે આપેલ નોટીસની ઓફીસ કોપી આંક-૨૩ થી, પ્રતિવાદીને નોટીસ મોકલ્યા બદલ પોષ્ટખાતાની રસીદ આંક-૨૪ થી, પ્રતિવાદીના લોન ખાતાના સ્ટેટમેન્ટની સહીસીકકાવાળી નકલ આંક-૨૫ થી, જિલ્લા કાનુની સેવા સત્તા મંડળ મિડીએશન સેન્ટર સમક્ષ મુ. નડીયાદ, તા. નડીયાદ, જી. ખેડાની કોર્ટે મીડીએશન કેસ નં.: ૧૪૪/૨૦૨૫ ની (Non-Starter Report) આપેલ તેની કોપી આંક-૨૬ થી રજુ છે. સદર દસ્તાવેજો વાદીએ પોતાની સોગંદ ઉપરની જુબાનીમાં રીફર કરેલા છે. જે ધ્યાને લેવામાં આવેલ છે.

સદરહું તમામ દસ્તાવેજી પુરાવાને વાદી સાહેદે પોતાની જુબાનીમાં રીફર કરેલ છે અને પોતાના રોજબરોજના વહીવટી કામના શિરસ્તા મુજબ રાખેલ દસ્તાવેજો છે, તે સંજોગોમાં પ્રતિવાદીએ વાદી બેંકને ઉપરોકત દસ્તાવેજો કરી આપેલ હોવાનું માનવાને કારણ રહે છે. ઉપરોકત દસ્તાવેજોથી વિરુધ્ધનું સાબીત થાય તેવો કોઈ પુરાવો પ્રતિવાદી દ્વારા રુજુ કરવામાં આવેલ નથી કે પ્રતિવાદી ધ્વારા વાદીની ઉપરોકત હકીકતોથી વિરુધ્ધના હોય તેવા કોઈ પુરાવા રેકર્ડ ઉપર રજુ થયેલ ના હોય વાદીની હકીકતને તથા દસ્તાવેજી પુરાવાને ના માનવાને કોઈ કારણ જણાતું નથી.

વધુમાં રેકર્ડ જોતાં પ્રતિવાદી પોતાનો બચાવ લેવામાં પ્રથમથી જ નિરસ રહેલા હોય તેઓ વિરુધ્ધ સદર કામ એકતરફી ચલાવવાનો હુકમ કરેલ છે. સદર કામે તેઓ હાજર રહેલ નથી કે કોઈ બચાવલક્ષી કાર્યવાહી કે રજુઆત કરેલ નથી. આથી પ્રતિવાદીએ વાદી બેંક પાસેથી દાવામાં જણાવેલી વિગતે પશુપાલન લોન લીધેલ તે હકીકત પુરવાર થાય છે તેવા સંજોગોમાં પ્રતિવાદી પાસે વાદી બેન્કના રુ

૩,૬૪,૫૧૩/–પુરા અંકે રુ.ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર રુપીયા પુરા બાકી લેણાં નીકળતા હોવાનું પુરવાર થાય છે.

આમ રેકર્ડ ઉપરનો પુરાવો જોતાં આ કામે વાદી બેંકના કુલ વ્યાજ સહિતના રુ ૩,૬૪,૫૧૩/–પુરા (અંકે રુ.ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર રુપીયા પુરા)બાકી નીકળતા હોવાનું વાદી ધ્વારા પુરવાર કરવામાં આવેલ છે. જયારે એગ્રીમેન્ટ મુજબ વાદી બેંક પ્રતિવાદી પાસેથી વ્યાજ મેળવવા હકકદાર બને છે, જો કે પ્રતિવાદીઓ ગામડાના ગરીબ અને ખેડુત માણસ છે અને દાવા તારીખથી વસુલ થતા સુધી સી.પી.સી.કલમ–૩૪ ધ્યાને લેતા રીઝર્વ બેંકના પ્રર્વતમાન વ્યાજ દરે બાકી રકમ ઉપર ૦૬ ટકા ના દરે સાદુ વ્યાજ અપાવું વ્યાજબી જણાય છે.

આમ, વાદીએ હાલનો દાવો પ્રતિવાદી પાસેથી લોનની બાકી લેણી રકમ વસુલ મેળવવા માટે કરેલ છે. જયારે આ કામે પ્રતિવાદી ધ્વારા લોન લીધા બાદ કરારમાં જણાવેલ સમય સુધીમાં તેઓને લોન ભરપાઈ કરવાની હતી પરંતુ તેઓએ ભરપાઈ કરેલ નથી. જયારે વાદીનો દાવો પણ સમયમર્યાદામાં જણાય છે,આમ સમગ્ર હકીકતો ધ્યાને લેતાં વાદીનો દાવો અંશતઃ મંજુર કરવા પાત્ર જણાતો હોય સદર કામે **મુદા નં.૧ નો જવાબ હકારમાં પાઠવી, મુદા નં. ૨ નો જવાબ અંશતઃ હકારમાં** આપી મુદા નં.૩ પરત્વે આથી નીચે મુજબનો આખરી હુકમ ફરમાવું છું.

:–આખરી હુકમ :–

(૧) વાદીનો દાવો અંશત: મંજુર કરવામાં આવે છે.

(૨) વાદી દાવાવાળી રકમ રૂપીયા– રુ.૩,૬૪,૫૧૩/–(અંકે રુ.ત્રણ લાખ ચોસઠ હજાર પાંચસો તેર રુ.પુરા) વાર્ષિક ૦૬ % ના વ્યાજ સાથે પ્રતિવાદીની તારણમાં મુકેલ મીલકત તથા પ્રતિવાદીની જાત તથા દરેક પ્રકારની મીલકતમાંથી દાવા તારીખથી વસુલ થતા સુધી વસુલ કરી શકશે તેવો હુકમ કરવામાં આવે છે.

(૩) હુકમ મુજબ હુકમનામુ દોરવુ.

હુકમ આજરોજ તા. ૭ મી મે સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી, સંભવાળી જાહેર કર્યો.

તા. ૭ / ૫ /૨૦૨૬ **(ટી.વી.જાદવ)**
કપડવંજ **પ્રિન્સીપાલ સીનીયર સિવીલ જજ, કપડવંજ**
કોડ નંબર જી.જે.૦૦૬૦૨